# મિત્રતા

પેરિસમાં ચિત્રોનું એક પ્રદર્શન લાગેલું હતું. તેમાં રુક્ષ – ખરડાયેલા હાથનું, નમસ્કારની મુદ્રાવાળું ચિત્ર બધાને આકર્ષિત કરતું હતું. ચિત્ર સાવ સામાન્ય જ હતું પરંતુ કોણ જાણે કેમ એમાં એવું શું હતું કે લોકો તેને જોઈને લાગણીભીના થઈ જતા હતા !

આ ચિત્ર પાછળ એક સત્ય ઘટના છે. આ વાત છે બે મિત્રોની. બંને વચ્ચે ગાઢ મિત્રતા. પરંતુ તેઓ ખૂબ જ ગરીબ હતા. બંને મિત્રોને ચિત્રકળાનો ખૂબ જ શોખ. મહાન ચિત્રકાર બનવાનું તેમનું સપનું. ચિત્રકળાની પદ્ધતિસરની તાલીમ લેવા માટે બંને ગયા પરંતુ તેઓ ફી જેટલા પૈસા ખર્ચી શકે તેમ નહોતા. બંનેએ નક્કી કર્યું કે એક મિત્ર ચિત્રકળા શીખે અને બીજા પૈસા કમાય. પછી બીજો મિત્રનો વારો. બીજો ચિત્રકળા શીખે અને પહેલો પૈસા કમાય.

નક્કી કર્યા મુજબ પહેલો મિત્ર ચિત્ર શીખવા ગયો અને બીજો મિત્ર પૈસા કમાવા. બીજો મિત્ર બહુ ભણેલો ન હોઈ તેને સારી નોકરી મળી નહીં. છેવટે તેણે પથ્થર તોડવાનું કામ સ્વીકાર્યું. એ કામ કરતો રહ્યો અને મિત્રને પૈસા મોકલતો રહ્યો. બરાબર ચાર વર્ષ પછી પહેલો મિત્ર હોશિયાર ચિત્રકાર બનીને આવ્યો. નક્કી કર્યા મુજબ હવે બીજા મિત્રનો ચિત્રકળા શીખવાનો વારો હતો. પરંતુ પરિસ્થિતિ બદલાઈ ગઈ. બીજા મિત્રના હાથ પથ્થર તોડી-તોડીને એટલા રુક્ષ, કડક અને ખરબચડા થઈ ગયા હતા કે તે હવે પીંછી પકડી શકે તેમ ન હતો !

જો કે, આ વાતનો તેને લેશમાત્ર રંજ ન હતો...! તેણે કહ્યું, ‘‘હું ભલે ચિત્રકાર ન બની શક્યો, પરંતુ તું તો એક કાબેલ ચિત્રકાર બની શક્યો ને ! મને એ વાતનો ખૂબ જ આનંદ છે !’’

ચિત્રકાર તેના મિત્રના રુક્ષ હાથને પકડીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. તેને તેના મિત્રની નિર્દોષતા તથા



મિત્રતા પર ખૂબ જ માન થયું. તેણે કહ્યું, ''આ હાથ ભલે ચિત્ર ન દોરી શકે પણ તે પ્રભુને પ્રાર્થના કરવાને લાયક તો છે જ...! આકાશ તરફ ઊઠેલા આ હાથનું મૂળ હૃદય સુધી પહોંચે છે...!'' અને આ ભાવવિભોર અવસ્થામાં તેણે મિત્રના બે હાથનું જે ચિત્ર દોર્યું તે અમર બની ગયું.

– સૌજન્ય : 'તથાગત'